October 2025

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 21 • Issue 13 / 236

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

• Mumbai • Page 28 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

મારા સ્નેહી પરિવારજનો,

પ્રણામ !

આપ સહુની ક્ષેમકુશળતા ચાહું છું.

આજનું નૂતનવર્ષનું નવલું પ્રભાત, નવો આનંદ, ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ લઈને પ્રગટી ચૂક્યું છે.

**''આકાશ છે છાબ, તારાઓ છે ગુલાબ, જીવન સૌંદર્યનો ચોખ્ખો છે હિસાબ,**
**આકાશ રડે છે આખી રાત, મહાવીર પ્રભુ પામ્યા નિર્વાણ,**
**હવે જલ્દી પ્રગટાવો દિપક, ઉગમણે ઉપન્યું છે ગૌતમને કેવળજ્ઞાન...''**

પરમાત્મા મહાવીરસ્વામીને નત મસ્તકે વંદન અને ગૌતમસ્વામીને નમન કરતાં સમગ્ર શ્રી પાટણ જૈન મંડળનાં પરિવારજનોને મારાં ભાવભર્યા, હેતભર્યા, શુભેચ્છા સાથે દિવાળી પર્વ નિમિત્તે નવા વર્ષના **''સાલમુબારક...''**

**આપણાં ગુરુભગવંતો આપણને સૌને આશીર્વાદ આપે છે કે, ''નૂતન વર્ષ તણાં અભિનંદન, જીવન મંગલ બને, ધર્મમાં મન ઉજમાળ બને.'' આપણા સૌની ભાવનામાં ભીનાશ આવે, ભાષામાં મીઠાશ આવે અને સ્વભાવમાં સુવાસ પ્રગટે તો જીવનમાં પ્રકાશ આવે''. શ્રી પાટણ જૈન સમાજમાં દરેકે દરેક પરિવારોને અમારી કાર્યવાહક કમિટિ તરફથી વિક્રમ સંવત ૨૦૮૨ના બેસતાં વર્ષના દિવસની શુભેચ્છા આપતા કહીશ કે, ''આપ સહુ સુખી બનો, સમૃદ્ધ બનો, તમારું મન તંદુરસ્ત રહે. પરમાર્થના કાર્ય કરતાં રહો એ જ શુભેચ્છા.**

મારાં સ્નેહી સ્વજનો વર્ષો વીતે છે, દિવસો ને મહિનાઓ પસાર થાય છે. આપ સહુના પ્રેમથી, હેતથી, ખૂબ જ સરસ સાથ-સહકારથી આપણાં દરેકે દરેકે કાર્યક્રમો તથા પ્રોજેકટો ચાલી રહયાં છે.

લોનાવાલા પ્રોજેક્ટમાં શ્રી અનંત લબ્ધિ નિધાન ભંડાર એવા **શ્રી ગૌતમસ્વામી ભગવાનનો** આદેશ **રૂા. ૬૩ લાખમાં** અથવા બે નામમાં આપવાનો બાકી છે. એક **પાર્શ્વયક્ષનો લાભ** એક દાતાશ્રીએ લીધો છે. **બીજા રૂા. ૩૧.૫૦ ૯ ાખમા લાભ લઈ શકશે, મણિભદ્રવીર દેવનો પણ રૂા. ૩૧.૫૦ લાખમા બીજા નામમાં લાભ લઈ શકશે,** જેમને રસ હોય તેઓ તુરંત જ જણાવશો.

આ ઉપરાંત **શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) તરફથી રૂા. ૧૧.૭૦ લાખનો લાભ લીધો છે તેની અનુમોદના**

**''સૌરભ મેડિકલ હેલ્થ કેર''માં** નીચેના વિભાગમાં રૂા. ૧ કરોડનું દાન આપી ઉમદા સહકાર આપ્યો છે તે બદલ અનુમોદના.

### PHYSIOTHERAPY

* **માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી) 1 Cr**
  **માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો)**
  **હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA**

Cont. page 2

મને જણાવતા આનંદ થાય છે અને દાતા પરિવારોની અનુમોદના જેટલી કરીએ તેટલી ઓછી છે. અનાજ વિતરણ કમિટિએ આપણાં સમાજના સાધર્મિક પરિવારોની દિવાળી અને બેસતું નવું વર્ષ ખુબ ખુબ આનંદોલ્લાસ સાથે પોતાના પરિવારોજનો સાથે ઉજવે અને તેમનાં ઘરમાં પણ રોશની થાય તે માટે **એક કિલોમાં બે મિઠાઈ અને એક કિલો સૂકામેવાની પાંચ આઈટમ** સાથે તેઓના ઘરે ડિલીવરી કરવામાં આવી છે. આ સાથે બીજી પ્રશંસનીય બાબત એ છે કે **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી** - જુહુ સ્કીમ, તેમનાં તરફથી આ બધાં જ સાધર્મિકોના ઘરે **રૂ.૧૫૦૦/- નું કવર** મોકલી આપવામાં આવેલ છે. **રૂ. ચાર લાખ આપીને આ ભકિતનો લાભ** લેનાર ઉદાર દિલના સખાવતી દાતા **શ્રી રમેશભાઈ ઝવેરીને અભિનંદન...અનુમોદના.** આપ શ્રી જેવા દાતાઓ થકી જ હવે આપણો સમાજ સુખી અને સમૃદ્ધ બનવા તૈયાર થઈ રહયો છે.

તાજેતરમાં ચાતુર્માસ દરમ્યાન જુહુ ખાતે **પ.પૂ.શ્રી રત્નસુંદરજી મ.સાહેબે** તેમનાં પ્રવચનમા કહેલી એક વાત યાદ આવી જે આપ સૌને જાણવી જરૂરથી ગમશે. **બગીચામાં રહેલાં ગુલાબના છોડને જ સૌથી વધારે પાણી આપીએ અને અન્ય છોડવાને જો પૂરતું પાણી ન મળે તો એનું પરિણામ શું આવે ? તેમના કહેવાનો સાર એ હતો કે જો આપણે જેટલું ધ્યાન દેવદ્રવ્યની વૃધ્ધિમાં કરીએ છીએ તેનાથી વધારે પણ સાધર્મિકોના ઉત્કર્ષને ભૂલી જઈએ તો કેમ ચાલે ? લગભગ ૨૭ વર્ષ પહેલાનાં એમના આ શબ્દોને સાર્થક કરવા ૩૦ થી વધારે સંઘોએ સાધર્મિક ઉત્કર્ષ પર વિશેષ ધ્યાન આપીને કાર્ય ચાલુ કર્યુ. જૈનમ જયંતિ શાશનમ માત્ર બોલવા કરતાં જૈન સમાજનો ઉત્કર્ષ કેમ થાય તે પર ગંભીરતાથી વિચાર કરવો જોઇએ.** પૂ.ગુરુભગવંતના આવા ઉત્તમ ઉપદેશનો એવો અતિસુંદર અને અવિસ્મરણીય કહી શકાય તેવો પ્રતિસાદ પ્રાપ્ત થયો. જુહુ જૈન સંઘમાં જ નહી, પરંતુ સમગ્ર **જૈન શાસનમાં જગડુશા અને મોતીશા** જેવા શેઠની યાદ અપાવે તેવી રીતે **એક શ્રેષ્ઠિ પરિવારે રૂ.૧૦૦૦/ કરોડની રકમ સાધર્મિક ઉત્કર્ષમાં આપવાની જાહેરાત કરી.**

આપણો પાટણ સમાજ પણ આ કાર્યમાં સારો સહયોગ આપતો જ રહે છે. **૩ વર્ષ પહેલાં સાધર્મિક ઉત્કર્ષ** માટે **માનનીય શ્રી ભરતભાઈ બાલુભાઇ શાહે રૂ.૩૧ લાખનું** યોગદાન આપ્યું છે અને હજુ પણ **દર વર્ષે રૂ.૩૧ લાખની રકમ** આપતાં રહે છે. આ કાર્ય માટે બીજાં દાનવીર દાતા છે. **શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી) રૂ.૨૨ લાખ** આપી રહયા છે. સાધન સંપન્ન પરિવારોને હું અપીલ કરું છું. આ નવા વર્ષમાં સાધર્મિક ઉત્કર્ષ માટે આપ આગળ આવો. આ અમૂલ્ય અવસરને પુણ્યાનુબંધી પુણ્યકર્મમાં જમા કરાવી લો.

આપણાં **પ્રથમ ઉ. પ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવીનાં** નેતૃત્વમાં તેમની ટીમ બહુ જ સુંદર કામ કરી રહી છે. આપણાં સમાજના મધ્યમ વર્ગના પરિવારોને ત્યાં મેડિકલ ક્ષેત્રે બહુ જ ખર્ચો આવે છે. **હોસ્પિટલ, ઑપરેશન અને તબીબી સારવાર** તો દિન-પ્રતિદિન મોંઘી તો થતી જ જાય છે. **મોટા-મોટા બિલો, મોંઘી દવાઓ, તો કયારેક લાંબા સમયની માંદગીનો મોટો ખર્ચો.** આ બધી જરૂરિયાતને પહોંચી વળવા અને શકય તેટલી રકમ મંજૂર કરીને મેડિકલ કમિટી બહુ જ સારી રકમ આપીને સહાય કરે છે. **વાર્ષિક મેડિકલ ખર્ચો અંદાજિત દોઢથી બે કરોડની આસપાસ થાય છે.** આ બધું જોતા આપણે **એક લાખ રૂપિયાની સ્કીમ** ચાલુ કરી રહયાં છીએ. અત્યારે પણ મેડિકલ પોલિસી રૂપિયા બે લાખની, તેમ જ દવાઓ આપણે પેશન્ટોના ઘરે પહોંચાડીએ છીએ. આપ સહુને નમ્ર વિનંતી છે કે આ સ્કીમમાં સાથ આપો. આપણાં જ સમાજનાં જરૂરિયાતમંદોને સહાય કરીને તેમને શાતા આપીએ.

**આ સ્કીમ મુજબ અહીં આપવામાં આવેલ દાતા પરિવારોને અભિનંદન, અનુમોદના.**

| | |
|---|---|
| (૧) શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો) | (૨) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો) |
| (૩) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો) | (૪) શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો) |
| (૫) શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી) | (૬) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી) |
| (૭) શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો) | (૮) શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો) |
| (૯) શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો ) | (૧૦) શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો) |

**તા.૨, નવેમ્બર ૨૦૨૫,** સાંજના ૪ થી ૭ દરમ્યાન ગરવારે કલબમાં દર વર્ષની જેમ **નવાં વર્ષને આવકારવા ગેટ ટુ ગેધર કાર્યક્રમમાં** જરૂરથી પધારવા આમંત્રણ આપું છું.

**તા.૨૩, નવેમ્બર ૨૦૨૫,** રવિવારે સવારે ૧૦ કલાકે, પાટકર હોલ ખાતે **સિનિયર સિટીઝન સ્પેશયલ કાર્યક્રમ સુહાના સફરનો** સંગીતમય પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. પ્રતિબિંબનાં આ અંકમાં માહિતી આપવામાં આવી છે. તેની નોંધ લેવા વિનંતી છે.

**તા.૨૦-ડિસેમ્બર ૨૦૨૫,** સવારે ૧૧ કલાકે પાટણ **TDSV સ્કૂલનાં** હોલ અને કલાસ રૂમોની સાથે **સોલાર પ્રોજેકટની ઓપનીંગ સેરેમનીનો કાર્યક્રમ** રાખવામાં આવેલો છે. તો સૌ પટણીઓને અને દાતાશ્રીઓને આ અવસર પર ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવું છું.



**પ્રગટયું છે નવું નકોર સુંદર વરસ, સવાર છે સલૂણી સરસ !**
**માનવ મન મૂકીને વરસ ! માનવજીવન છે દેવાલય !**
**જિંદગીમાં હસી લો, હસાવી લો, બે ઘડી સ્નેહમાં વિતાવી લો !**
**નૂતન વર્ષે સહુને હેત-પ્રિતથી વધાવી ને, નૂતન વર્ષાભિનંદન. !**

**અસ્તુ.**

## તંત્રી સ્થાનેથી...

**ભારતી શાહ**



પ્રિય મિત્રો !

પ્રણામ

**દુનિયાના દિવાકર, કરૂણાના મહાસાગર, પરમ તેજપુંજ કેવળજ્ઞાનની જ્યોતિ અંદરમાં પ્રગટી ગઈ છે, તેવા ચરમ તીર્થંકર શાસનપતિ પરમાત્મા મહાવીરસ્વામીના ચરણમાં ભાવપૂર્વક વંદન કરીએ !**

બાળ **'વર્ધમાન'**માંથી **'મહાવીર'** બનીને સંયમ લઈને તમામ ભોગ-વૈભવ-સુખનો ત્યાગ કરી અકિંચન અપરિગ્રહી બન્યા ત્યારે નામ આપ્યું **'ત્યાગવીર'** ૧૨॥ વર્ષ સુધી ઉપસર્ગોને સહન કર્યા, ત્યારે નામ મળ્યું **'ધીર-વીર-ગંભીર'.**

જેના શાસનમાં બેસી શીતલતાનો અનુભવ થઈ રહ્યો છે, તેવા ચરમ **તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણકનો આજે પવિત્ર દિવસ ! પવિત્ર પાવાપુરીના પવિત્ર ક્ષેત્રમાં આજે સહુ નગરજનો ધન્ય ધન્ય બની ગયા છે. પરમાત્મા મહાવીરસ્વામીના ભવ્ય સમોવરસરણમાં તેમની દિવ્ય દેશના શ્રવણ કરવા અગણિત ચતુર્વિધ સંઘ, દેવો-દેવીઓ, ૯ મલ્લવી અને ૯ લિચ્છવી એમ ૧૮-૧૮ દેશના રાજાઓ સહુ કોઈ એક ક્ષણનો પણ પ્રમાદ કર્યા વગર બેસી ગયા છે.**

ભગવાને બે દિવસનું અનસન કરેલ છે, ભગવાને તેમની દીક્ષા લીધી ત્યારે અને કેવળ જ્ઞાન થયું ત્યારે છઠ્ઠ કર્યો હતો. ચાતક મુખે, અનિમેષ દ્રષ્ટિએ જિજ્ઞાસાપૂર્વક બધા પ્રભુની દેશના ઝીલી રહ્યા છે.

**''જે દ્રષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દ્રષ્ટિને પણ ધન્ય છે,**
**જે જીભ જીનવરને સ્તવે, તે જીભને પણ ધન્ય છે,**
**પીએ મુદા વાણી સુધા, તે કર્ણયુગને ધન્ય છે,**
**તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદયને પણ ધન્ય છે.''**

દેશના આગળ વધે છે, ભગવાન **'ઉત્તરાધ્યાયન સૂત્ર' મુજબ ૩૬ અધ્યયન** સુધી પહોંચ્યા. સહુ કોઈ પરમાત્માની અંતિમ દેશના અસ્ખલિત પ્રવાહ રૂપે વહી રહી તે ધ્યાનપૂર્વક શ્રવણ કરી રહ્યા છે, **શકેન્દ્ર મહારાજા** અનિમેષ દ્રષ્ટિથી પરમાત્માને નિહાળી રહ્યા છે તેમને ખ્યાલ આવી ગયો છે, હવે આ **દિપકને બુઝાવવાની બહુ વાર નથી.** તેઓ ચાલુ દેશનાની વચ્ચે જ ઉભા થાય છે પ્રભુની નજીક આવી હાથ જોડીને મસ્તક નમાવી વિનંતી કરતા કહે છે, **''મારી એક વિનંતી સાંભળો પ્રભુજી ! આપ સંસારરૂપી નગરીમાથી વિદાય લઈ મોક્ષ નગરીમાં કાયમી વસવાટ કરવા જઈ રહ્યા છો પરંતુ અમારી વિનંતી સ્વીકારી ''પ્રભુ ! આપ માત્ર બે ઘડી શાસન રક્ષાને કાજ, શાસન સુખપૂર્વક જયવંતુ વર્તે તે માટે આયુ વધારો.''**

પ્રભુ કહે છે, **''હે ઈન્દ્ર ! આ અર્થ સમર્થ નથી'' આ દુનિયામાં વાસુદેવ હોય કે ચક્રવર્તી તીર્થંકર હોય કે કેવલી ! આયુષ્યની એક પણ ક્ષણ વધારવા કોઈ સમર્થ નથી.''**

**અમાસની અંધારી રાત છે અને પ્રભુ મેરુ સમાન અડોલ અને નિષ્કંપ બની ગયા. ચૌદમાં ગુણસ્થાનકમાં રહી પછી સંપૂર્ણ કર્મથી, શરીરથી મુક્ત બની સિદ્ધાલય સિદ્ધ ક્ષેત્રે સ્થિર થઈ ગયા.**

**ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી હૈયાફાટ રુદન કરતા વિલાપ કરી રહ્યા, ''પ્રભુ ! હવે મને ગોયમ ગોયમ કહીને કોણ બોલાવશે ? મારા મનના સંશય કોણ દૂર કરશે મને અહીં મૂકીને શાને ચાલ્યા ગયા ? તમે કહેતા હતા કે 'હું' ને 'તું' સાથે જ છીએ ગૌતમસ્વામીનો વિલાપ જોઈને શકેન્દ્ર મહારાજા ગૌતમસ્વામી પાસે આવીને વિનંતી કરે છે, 'આપ તો સંઘના નાયક છો આપે જ બધાને સંભાળવાના છે, અન્ય સાધુ-સાધ્વીજીને પણ આપે જ હિતશિક્ષા આપીને, શાસનની ધૂરા સંભાળવાની છે.' શકેન્દ્ર મહારાજાના આશ્વાસને ગૌતમસ્વામી સ્થિર થયા. અનુપ્રેક્ષામાં ઊંડા ઉતર્યા. ચિંતન ચાલ્યું ''પરમાત્માનો આત્મા અને મારો આત્મા જુદો છે, પરમાત્મા મોક્ષે ગયા અને હું પણ પ્રશસ્તરાગ છોડુ તો મોક્ષે જઈશ.'' મારો આત્મા એક જ શાશ્વત છે, મારે રાગ કરવા જેવો નથી. ચિંતનની આ ધારામાં વહેતા વહેતા જ ગૌતમસ્વામીના ઘાતીકર્મો નાશ પામ્યા અને શાસન નોંધારું બને તે પહેલા જ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થઈ ગયું.**

**દીપથી દીપ પ્રગટી ગયો. શકેન્દ્ર મહારાજાએ જાહેર કર્યું ! ''આનંદો ! આનંદો ! ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયુ છે એકબાજુ ભગવાનના નિર્વાણનો મહોત્સવ ઉજવાય છે અને બીજી બાજુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવાય છે, આનું નામ છે, દીપાવલી...!!!**

જ્ઞાની ભગવંતો કહે છે; આ દીપાવલીનું જો સારી રીતે, સાચી રીતે ઉજવણી કરવાનું મન હોય તો સાધર્મિકોની દીવાળી ઉજવી જાણો, દરેક સાધર્મિકના ઘરે મીઠાઈનું પેકેટ પહોંચાડો.... કરૂણાસભર હૃદય બનાવો.... સુખને વહેંચતા શીખો.... માતા-પિતાના ઉપકાર ન ભૂલશો.... માતા-પિતાની સેવા કરવી તે જ ભગવાનના જીવનનો સંદેશ છે.

ભગવાન મહાવીર સ્વામીના સંદેશને આપણા જીવનમાં અપનાવીને, આચરણ કરીને દીપાવલીની આરાધના કરીએ એ જ મંગલ ભાવના.

## દીપાવલીના દિને દિલના દીપ જલાવો !

દીપાલવીનાં પર્વો આવ્યાં, જાગો અરે ઓ ! જૈનો !
પાવાપુરીનાં પુનિત ક્ષેત્રમાં, દીપ બુઝાયો વીરનો...
વરસી રહ્યો છે અમીરસ અંતરનાં ચાતક હૈયાં ઝીલે,
લીન બન્યાં છે મનડાં સહુના સૂર્યમુખી જેમ ખીલે...
નાથને નીરખી દેવ, મનુજ, મહારાજાનાં દિલડાં ડોલે...
દિવ્ય દેશના દીધી પ્રભુએ, 'જીવો અને જીવવા દો'...
નેક ટેક ને પ્રેમ – ભક્તિના સબરસ સહુને પીવા દો,
દિઓ અભયના ઘંટ વગાડી, વેરનું વમન થવા દો...
લઈ શકો ના દુઃખ બીજાનાં તો સુખની ઈર્ષ્યા રહેવા દો...
નાનકડી આ જિંદગીમાંહી સદ્‌ગુણ સુમન ખિલાવો
દિલ મંદિરિયે દયા – કરુણા, શ્રદ્ધાના દીપ જલાવો...
પરમાત્માની કરો પ્રાર્થના અમ આંગણીએ આવો...
જગ જનના ઉદ્ધારક પ્રભુજી ! પ્રકાશ સર્વત્ર ફેલાવો...
લાખ લાખ સહુને શુભેચ્છા સહુને સાલમુબારક
'વોસિરાવી દો' દુર્ગુણ – દોષો; ઈચ્છે છે પ્રભુનો 'સેવક'






**Donation Received from USA**

| No. | Name | Amount |
|---|---|---|
| 1 | Arvindbhai Shah | $ 30,000.00 |
| 2 | Girishbhai Shah | $ 25,000.00 |
| 3 | Jayshreeben Ashwinbhai Shah | $ 3,000.00 |
| 4 | Bharatbhai Shah | $ 3,000.00 |
| 5 | Datta Mehta | $ 2,000.00 |
| 6 | Dilipbhai H. Shah | $ 1,001.00 |
| 7 | Meenaxiben Sanghavi | $ 487.82 |
| 8 | Amitbhai and Smitaben Shah | $ 500.00 |
| 9 | Surya Shah | $ 500.00 |

# Wish you All Happy Diwali !

## ૨૦૨૫ના નવા વર્ષને આવકારીએ, શ્રી પાટણ જૈન સમાજના સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય માટે સહકાર આપીએ.

### સમૃદ્ધ પાટણ સમાજની
### મેડિકલ યોજના

દિન-પ્રતિદિન વૈદકીય સારવાર, હૉસ્પિટલનો ખર્ચો તેમજ હૃદયરોગ, કિડની, લિવર, પેરેલિસિસ જેવા વધુ લાંબા રોગોની સારવારનો ખર્ચો ખૂબજ વધારે પડતો આવે છે, મધ્યમ વર્ગના પરિવારો માટે પોતાના સ્વજનને સારી અને વ્યવસ્થિત સારવાર કરવા માટે આપણા સમાજ પાસે મદદ લેવા અરજીઓ કરવી પડે છે, તેમના મોટી રકમના બિલો ચૂકવવામાં અને તેઓને થોડી રાહત આપવા આપણા સમાજના શ્રીમંત પરિવારો હંમેશા તૈયાર રહે છે તે ખૂબજ અનુમોદનીય બાબત છે.

અમે આપ સહુને અપીલ કરીએ છીએ કે મેડિકલ સહાય માટે રૂા. એક લાખની સ્કીમ શરૂ કરી છે. આશા છે કે આપણા જ સાધર્મિક પરિવારોને મેડિકલ સહાય આપવામાં જરૂરથી પ્રોત્સાહન આપીને માનવસેવાના કામમાં સાથ-સહકાર આપશો.

મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી અને ભાયંદરના આપણા મેડિકલ સેન્ટરોમાં દર્દીઓને વધુ જરૂરિયાત રહે છે.

અમારી પાસે નીચે મુજબના ડોનરોના નામ આવી ગયા છે તેઓનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**(૧) શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)** **(૨) શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)**
**(૩) શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)** **(૪) શ્રીમતી જેમીનીબેન હેમંતભાઈ સાલવી (સાલવી વાડો)**
**(૫) શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)** **(૬) શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)**
**(૭) શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)** **(૮) શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ (ઢંઢેરવાડો)**
**(૯) શ્રી સંદીપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો )** **(૧૦) શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ (કેશુશેઠનો પાડો)**

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ

શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ ONLINE જૈન ધાર્મિક અભ્યાસ આગામી જ્ઞાન પંચમીથી શરૂ કરી રહ્યા છીએ. આ પ્રવૃત્તિ માટે એક Team બનાવવાની છે જે તેને લગતા વિવિધ કાર્યોમાં સહભાગી થઈ શકે.

આશા છે કે પાટણમાં આ કાર્ય માટે ઘણા ઉત્સાહી ભાઈ-બહેનોને જોડાવવુ ગમશે. કૃપા કરી તમારી ટૂકી વિગત - નામ, ઉંમર, મો.નં. ઈમેલ - સિદ્ધહેમ જ્ઞાનપીઠ C/o શ્રી પાટણ જૈન મંડળ પર પત્ર દ્વારા અથવા siddhhemepjm.org પર મોકલશો. અમે તમારો સંપર્ક કરશું.

.............................................................................................................................................

**શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં જાન્યુઆરી ૧૫ થી ન્યાય અને દર્શન શાખનો અભ્યાસ શરૂ થઈ રહ્યો છે. આ માટે કાશીના આ વિષયના નિષ્ણાંત પંડિતજીની સેવા પ્રાપ્ત થશે. પૂ. સાધુસાધ્વીજી ભગવંતો સિવાય શ્રાવક-શ્રાવિકા ભાઈ બહેનો પણ તેના અભ્યાસાર્થે પધારી શકશે. વિષયો અને બીજી વિગત માટે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો.**

**અમને ખૂબ આનંદ છે કે ધાર્મિક જ્ઞાનની દિશામાં સંસ્થા એક નવું પ્રકરણ ઉમેરી રહી છે...**

**શ્રી યતિનભાઈ ઝવેરી - મો. 9223231470 • શ્રી કમલેશભાઈ ઝવેરી - મો. 9820070981**

**શ્રી સાગરભાઈ શાહ - મો. 9819256993**

## જાહેરાત

**તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પાટણ પંચાસરા ખાતે નવીન આયંબીલશાળાનું ઉદ્‌ઘાટન થનાર છે.**

**આ પ્રસંગે સમગ્ર પાટણ પરિવારને ભાવભર્યુ આમંત્રણ છે, પધારશોજી.**

# દાંડિયા રાસ


















# દાંડિયા રાસ



શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા આયોજિત **નવરાત્રિ દાંડિયારાસનો કાર્યક્રમ તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ રવિવારના રોજ નેસ્કો, ગોરેગામ** ખાતે શાનદાર રીતે ઝાકઝમાળ રોશની અને ઢોલીના ઢબુકતા તાલે સમાજના રંગરસિયાઓ યુવાનો અને યુવતિઓ તથા નાના બાળકોએ વિવિધ રંગબેરંગી વેશભુષામાં સજ્જ થઈને આ પ્રોગ્રામને સફળતા અપાવી હતી. અંદાજિત ૧૮૦૦થી વધુ પટણીઓ ઉપસ્થિત રહ્યા હતા. નેસ્કોમાં દાખલ થતાંની સાથે ડ્રોન દ્વારા સેલ્ફી લેવાનો આનંદ સહુ કોઈએ માણ્યો હતો.



સતત ત્રીજા વર્ષે **મનિષ પારેખ અને ડ્રમ બિટ્સના** મ્યુઝિકના સથવારે આ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરભ મહેતા, **શ્રી ભરતભાઈ શર્મા, ધનશ્રી કોરગાંવકર, શ્રેયા પરીખ જેવા ગાયકોએ** રંગમંચ પરથી લોકોને રાસ રમવા માટે આકર્ષિત કર્યા હતા. સમયનું ભાન ભુલ્યા વગર આનંદ અને મસ્તીની રમઝટ બોલાવી હતી.

ચોવીહારની વ્યવસ્થા સાથે ૫.૩૦ કલાકે સાંજથી શરૂ થયેલ આ પ્રોગ્રામ રાતે ૧૧.૪૫ કલાકે પ્રાઈસ ડિસ્ટ્રીબ્યુશન સાથે સુંદર રીતે પૂર્ણ થયો હતો.

વેલે પાર્કિંગ, સિક્યુરીટી બાઉન્સર્સ, ફોટો બુથ, ૩૬૦ ડિગ્રી રિવોલ્વીંગ ફોટો કેમેરા, ૮૦૦ ફુટની LED Screen પ્રોફેશનલ ટીમ, ૧૫૦૦ ફૂટનો વિશાળ સ્ટેજ, SFX effect ના મશીનો સાથે યોજાયેલ આ ભવ્ય પ્રોગ્રામમાં રસિયાઓ ઝુમી ઉઠ્યા હતા. સમયનું ભાન ભુલ્યા હતા. તેઓને ખાવાપીવાનું પણ યાદ આવતું નહોતું. જોનારા દર્શકોને પણ ખુબ આનંદ આવતો હતો.

''ઈંધણ વિણવા ગઈ તી મોરી સૈયર'' ''પરી હું મૈ'' માતાજીના ડાકલા, એવા જુના પરંપરાગત તેમજ નવા ગીતોએ રંગ રાખ્યો હતો. નવરાત્રી ચાલુ થવાના આગલા દિવસે થયેલા પ્રોગ્રામ માટે કલાકારોએ કેટકેટલીવાર પ્રેક્ટીસ કરી હતી.

મે મહિનાથી આ પ્રોગ્રામની તૈયારી પ્રેસિડન્ટ **શ્રી દાનેશભાઈ શાહ,** વાઈસ પ્રેસિડન્ટ **શ્રી રોહિતભાઈ શાહના** નેતૃત્વ હેઠળ સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રીમતી અલ્પાબેન શાહ અને શ્રી સંજયભાઈ શાહે** ખુબજ મહેનત કરી હતી. પ્રોગ્રામ સમિતિ ટીમ, ઓફિસ સ્ટાફ અને અન્ય ૧૫ જણાની ટીમે આ પ્રોગ્રામને સફળતા પૂર્વક પાર પાડયો હતો.

બે રાઉન્ડમાં ચાલેલ આ પ્રોગ્રામમાં ૨૫થી વધારે ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. બેસ્ટ ડ્રેસ, બેસ્ટ કપલ, બેસ્ટ ડાન્સર વગેરેના ઈનામો વર્ષ ૨ થી ૮૦ વર્ષ સુધીના ખેલૈયાઓ માટે રાખવામાં આવ્યા હતા. **નિર્ણાયક લતાબેન ભાખરીયા, તેજલબેન ઠક્કર, પૂજાબેન ગોટેચા, કરણભાઈ ઠક્કર** માટે ઈનામ કયા ખેલૈયાને આપવું તેની મુંઝવણ વધી ગઈ હતી.

આ પ્રસંગે હાજર રહેલ દાતા પરિવારો, ટ્રસ્ટીઓ, વાઈસ પ્રેસિડન્ટ, કમિટી મેમ્બર્સનો પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહે** તથા વાઈસ પ્રેસિડન્ટ **શ્રી રોહિતભાઈ શાહે** અને સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ** ઉદબોધન કરતા સૌનો આભાર માન્યો હતો. સાંજે સાત વાગે શરૂ થયેલ પ્રોગ્રામમાં ૧૦ કલાકે જ્યારે મધ્યાંતર થયો ત્યારે શાલ, ગિફ્ટ સાથે પ્રોગ્રામના દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પાસ ડિસ્ટ્રીબ્યુટર પાર્ટનર્સ અને કમિટી મેમ્બર્સનું બુકે દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતાઓ જેમણે યોગદાન આપ્યું હતું એમના નામ નીચે મુજબ છે.

**શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવાર, શ્રી રમેશચંદ્ર છબિલદાસ ઝવેરી પરિવાર, શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ પરિવાર, શ્રીમતી સોનલબેન રવિભાઈ શાહ પરિવાર, શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર, શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ઝવેરી પરિવાર, શ્રીમતી નીલાબેન નૈલેશભાઈ શાહ પરિવાર, મે. ન્યુ ઈન્ડિયા કંસ્ટ્રક્શન.**

આભારવિધી સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન શાહે** પોતાની આગવી શૈલીમાં કરી હતી. શ્રી મનિષભાઈ પારેખ અને વૃંદા પારેખનું બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામ પછી જતાં જતાં પટણીઓએ દરેકનો આભાર માન્યો હતો અને આવીજ સુંદર વ્યવસ્થા સાથેના બીજા પ્રોગ્રામો કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

આ યાદગાર પ્રસંગને હૈયામાં ભરીને સૌ છૂટા પડયા હતા.

# દાંડિયા રાસ
















# દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ - ૨૫ વર્ષની ઉજવણી







તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શુક્રવારના રોજ દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિને ૨૫ વર્ષ પૂર્ણ થયાની ખુશાલી અને **શ્રીમતી પ્રેમિલાબેન ભદ્રકુમાર શાહ** તરફથી યોજાયેલી દિવાળી પાર્ટી આનંદમય અને યાદગાર બની રહી.

આ વર્ષે દિશા દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિએ પ્રેમ, સેવા અને સમર્પણના ૨૫ વર્ષ પુરા કર્યા - એક એવી સફર જે સહાનુભૂતિથી શરૂ થઈ અને અનંત આશા સુધી પહોંચતી રહી.

આ વિશેષ પ્રસંગે યોજાયેલી દિવાળી પાર્ટી આનંદ - ઉત્સાહ અને પ્રેમથી ઝળહળતી રહી. બાળકોના ચહેરા પરના સ્મિત અને દાતાઓના સહકારથી માહોલ પ્રકાશમય બની ગયો. શ્રી પાટણ જૈન મંડળ અને **શ્રી બાબુ અમીચંદ પનાલાલ ટ્રસ્ટ અમારા બે મજબૂત પીલર છે.**

દરેક દાતા, સ્વયંસેવક અને મિત્રોનો હૃદયથી આભાર. તમારા સહયોગ અને આશીર્વાદ વગર દિશાની આ સફળ શક્ય ન હોત. આપ સૌએ અમૂલ્ય સમય કાઢી અમારી ઉજવણીને યાદગાર બનાવી તે માટે આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

આ ૨૫ વર્ષ માત્ર સમય નથી પરંતુ અનંત લાગણીઓ, બાળકોના સપના અને સમાજની સંવેદનાનો ઉત્સવ છે.

ચાલો, આવી જ રીતે પ્રેમના દીવા પ્રગટાવતા રહીએ અને દિશાના બાળકોને ઉજળું ભવિષ્ય આપીએ. સોનામાં સુગંધ ભળે તેમ **શ્રીમતી સોનલબેન શાહ** ખુશી ગ્રુપ તરફથી બાળકો માટે મેજિશિયનનો શો રાખવામાં આવ્યો જેમાં બાળકોને ખૂબજ મજા પડી અને વિશેષ તો દરેક વાલીઓએ અમારું જે બહુમાન કર્યું તે માટે આભાર શબ્દ ઘણો ઓછો છે તમારી ભાવનાઓને અમે ન્યાય આપી શકીએ તેવી આશા.



# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ આયોજિત

**શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર પ્રેરિત**

**સહયોગી દાતા : શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**શ્રેષ્ઠીવર્ય સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી (કુંભારીયા પાડો)**

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન

## હાર્દિક આમંત્રણ

સમાજના ભાઈ-બહેનો, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા

**નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું**

આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના સર્વે પરિવારોને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક: કારતક સુદ ૧૧, રવિવાર, તા. ૦૨-૧૧-૨૦૨૫**

**સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ,**

**ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦**

**અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે) (વેલેપાર્કિંગ રાખેલ છે.)

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહી.

# શ્રી પાટણ જૈન મંડળ

જીવન સૌરભ — પાટણ સીનીયર સીટીઝન ફ

## જીવન સૌરભ સમિતિ આયોજિત

# સુહાના સફર

## ગીત-સંગીત રંગારંગ કાર્યક્રમ







સમાજના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ભાઈ-બહેનોના મનોરંજન માટે દિવાળી બાદ જુના-નવા ગીતો સાથેનો એક ખાસ રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે તેમાં આપ સર્વેને સહર્ષ સહભાગી થવા વિનંતી છે.

### સૌજન્ય દાતાશ્રી

**શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)**
**શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશિંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)**
**પુજા નરેશભાઈ નવનીતલાલ શાહ (ભાભાનો પાડો)**

### સહયોગી દાતાશ્રી

**શ્રી સંદીપભાઈ રમેશચંદ્ર મોતીલાલ શાહ (કટકીયા વાડો) • શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)**

**રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫**
**સ્થળ: પાટકર હોલ, મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦૦૨૦ • સમય સવારે ૯.૩૦ થી ૧.૦૦ કલાકે**
કાર્યક્રમ પશ્ચાત પ્રિતી ભોજનનો અવશ્ય લાભ આપવા વિનંતી જમવાની વ્યવસ્થા સુંદરાબાઈ હોલ ખાતે બપોરે ૧ કલાકેથી...

ખાસ નોંધ : • મ્યુઝિકલ હંગામાં દરમ્યાન લકી ડ્રો પણ રાખેલ છે, જેની કુપન પાસ સાથે બિડેલ છે, જે હોલમાં એન્ટ્રી સમયે ડ્રોપ બોક્ષમાં નાખવાની રહેશે.
• સૌથી વધુ ઉંમરના કપલનું તથા સૌથી વધુ ઉંમરના મહિલા અથવા પુરુષ વ્યક્તિનું બહુમાન પણ કરવામાં આવશે.

### વધુ વિગતો માટે સંપર્ક

- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) - કન્વીનર : 9323742789
- શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ (માનદમંત્રી) - 9833116262
- શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ (માનદમંત્રી) - 9820126885
- શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (માનદમંત્રી) - 9820190551
- શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી (સહમંત્રી) - 9820782820

**ડોનેશન પાસ રૂા. ૨૦૦/-**

**આ કાર્યક્રમના પાસ, તા. ૩૦ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ આ સાથે બતાવેલ ડિસ્ટ્રીબ્યુટરો પાસેથી પાસ મેળવી લેવા. વહેલા તે પહેલાના ધોરણે સીટ મેળવી લેવા વિનંતી છે. (વેલેટ પાર્કિંગની વ્યવસ્થા છે)**

- શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય : 8779161209
- શ્રી પાટણ જૈન મંડળ - ગોરેગામ - પ્લોટ નં. ૮૫, ગુરુકૃપા બિલ્ડીંગ, રોડ નં. ૪, જવાહર નગર : 9819007469
- શ્રી પાટણ જૈન મંડળ - બોરીવલી - એ-૨૩/૧, રતનનગર ડી.એન.દુબે માર્ગ, બોરીવલી (ઈ) મો. : 9819007469
- વિલેપાર્લા (ઈ) શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ : 9820126885
- અંધેરી (વે)/નાગદેવી: શ્રી જ્યોતિન્દ્રભાઈ શાહ : 9819793001
- કાંદિવલી (વે) શ્રી મીલનભાઈ શાહ : 9324370338
- બોરીવલી (વે) શ્રી જીગરભાઈ શાહ : 9820280327
- બોરીવલી (ઈ) શ્રી મયુરભાઈ જૈન : 9819965004
- ભાયંદર (વે) શ્રી નિલેશભાઈ શાહ : 9321150160

# શ્રી પાટણ જૈન મંડળનું ગૌરવ

**સંસ્થા સંચાલિત શ્રી બી.ડી.એસ. વિદ્યાલય, પાટણની વિદ્યાર્થીની કુ. ડીનલ વિઠાણી (બાસ્કેટ બોલ, એશિયાકપ વિજેતા)**

## પાટણ નગરે ભવ્ય સ્વાગત - ગૌરવ યાત્રા - સન્માન સમારોહ.




બાસ્કેટબોલ એશિયા કપ ટ્રોફીની પ્રતિકૃતિ કુ. ડીનલ દ્વારા વિદ્યાલયને અર્પણ




ગૌરવયાત્રાને પોલીસ સુપરીટેન્ડન્ટ દ્વારા લીલી ઝંડી આપાઈ નગરજનો દ્વારા ભવ્ય અભિવાદન




શ્રી પાટણ મંડળ, એમ.એલ.એ. શ્રી કીરીટભાઈ તથા અન્ય અધિકારીઓ દ્વારા કુ. ડીનલનું ભવ્ય સન્માન

તાજેતરમાં બાસ્કેટબોલ **''અન્ડર ૧૬-એશિયાકપ''** સપ્ટેમ્બર માસમાં મલેશિયામાં યોજાયો. જેમાં ઘણી ટીમો સામે ભારતીય ટીમ સતત વિજય મેળવીને ફાઈનલમાં વિજેતા થઈ હતી. તેમાં ગુજરાત અને પાટણનું ગૌરવ, શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી બી.ડી.એસ વિદ્યાલયની એસ.એ.જી. દ્વારા **DLSS (ડીસ્ટ્રીક લેવલ સ્પોર્ટ્સ સ્કુલ)** પાટણમાં અભ્યાસ કરતી **કુ. ડીનલ વિઠાણીનો** સિંહ ફાળો રહ્યો છે, તેણે આ પહેલા પણ પાંચ નેશનલ ચેમ્પિયનશિપમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રાજ્યને ગૌરવ અપાવેલ છે.

આ ગૌરવને શ્રી પાટણ જૈન મંડળ, શ્રી બી.ડી.એસ વિદ્યાલય તથા પાટણ જિલ્લા રમતગમત વિભાગ દ્વારા સન્માનવા **કુ. ડીનલ વિઠાણીની** ગૌરવ યાત્રા બગવાડા દરવાજાથી બી.ડી.એસ વિદ્યાલય સુધી નીકળી હતી. પાટણના નગરજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

બગવાડા દરવાજાથી સુશોભિત ખુલ્લી જીપમાં **કુ. ડીનલ,** તથા અન્ય ત્રણ જીપ તેમજ રાષ્ટ્રીય તિરંગા લહેરાવતા ૮૦ થી વધુ બાઈક તથા વિદ્યાર્થીઓથી સજ્જ આ રેલીને **પોલીસ સુપ્રીટેન્ડન્ટ તથા કોર્પોરેટર શ્રી મનોજ પટેલ** દ્વારા લીલી ઝંડી અપાઈ હતી. સમગ્ર શહેરમાં બન્ને બાજુએ નગરજનોએ ઉભા રહી **કુ. ડીનલનું** અભિવાદન કર્યું હતું. ૧ાા કલાક બાદ આ રેલી શ્રી બી.ડી.એસ. વિદ્યાલય ખાતે સન્માન સમારોહમાં ગોઠવાઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના **ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહ, એમ.એલ.એ. શ્રી કિરીટભાઈ પટેલ, ભાજપા અગ્રણી શ્રી કે.સી. પટેલ, કોર્પોરેટર શ્રી મનોજભાઈ પટેલ, ડી.એસ.ઓ. (સ્પોર્ટ્સ) શ્રી કિરણભાઈ પટેલ, પાટણ જીલ્લા સ્પોર્ટ્સ અધિકારી શ્રી નરેશભાઈ,** પાટણ વિદ્યાલય સમિતિના હોદ્દેદારો, પાટણની અન્ય એન.જી.ઓ. તથા મહેમાનોની ઉપસ્થિતિમાં **કુ. ડીનલનું** ભવ્ય સન્માન કરાયું હતું. શ્રી ટી.ડી. સ્માર્ટ વિદ્યાલય, ભૂતપૂર્વ એસોશિયેશન તથા પાટણની અન્ય સંસ્થાઓ દ્વારા સ્ટેજ પર અભિવાદન કરાયું હતું.

મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોએ શાબ્દિક સન્માન દ્વારા પાટણનું ગૌરવ વધારવા બદલ **કુ. ડીનલને** અભિનંદન તથા વધુ સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી અને સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધવા જે પણ જરૂરિયાતો હશે તે પૂરૂ કરવા તૈયારી બતાવી હતી.

આજના પ્રસંગે **શ્રી પાટણ જૈન મંડળ દ્વારા રૂા. ૧૫૦૦૦/-, શ્રીમતી ભારતીબેન યશવંતભાઈ ઝવેરી દ્વારા રૂા. ૧૧૦૦૦/-, શ્રી ત્રિભોવનભાઈ પટેલ દ્વારા રૂા. ૧૧૦૦૦/-ના રોકડ પુરસ્કારની** જાહેરાત કરાઈ હતી.

શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈ** દ્વારા બે વર્ષ પહેલા આપણી સ્કુલને **DLSS (ડીસ્ટ્રીક લેવલ સ્પોર્ટ્સ સ્કુલ)**ની માન્યત મળે તે માટે ખાસ રસ દાખવી સંનિષ્ઠ પ્રયાસો કર્યા હતા. પાટણ જિલ્લાની એક માત્ર **DLSS સ્કુલ** તરીકે શ્રી બી.ડી.એસ. વિદ્યાલયને માન્યતા મળી હતી. બીજા જ વર્ષે જેનું સુંદર પરિણામ મળ્યું અને પ્રમુખશ્રીની દીર્ઘ દ્રષ્ટિ થકી એશિયા કપ ટ્રોફી પ્રાપ્તિ દ્વારા સંસ્થા તથા સ્કુલનું નામ ઈન્ટરનેશનલ લેવલે રોશન થયું.

# સત્ય ઘટના

ઘરે આવી ચડેલા મહેમાનને જમાડવા માટે ક્યારેક જેમને ભૂખ્યા રહેવું પડતું હતું, એવા માં-દીકરાની આ વાત છે. એક દિવસ દીકરાએ માને કહ્યું, ''મા ! બધા મુંબઈ જાય છે ને શેઠ બને છે, તો હું'યે મુંબઈ જઈને શેઠિયો બનું.''

મા કહે, ''બેટા! આપણા નસીબના પડીયા કાણા છે. શેઠીયાની વાત તો શું વેઠીયા તરીકેય કોઈ આપણને રાખવા તૈયાર નથી, ને ઉધારીયા તરીકે આપણને બધા ધૂત્કારે છે. હવે તો ઉછીનાય આઠ આના કોઈ દેતું નથી. તો શેઠીયાની વાત ક્યાં ?''ને બોલતા બોલતા માની આંખ ભીની થઈ ગઈ.

દીકરાએ માની આંખ લૂછીને કહ્યું, ''મા! તું મારા માથે હાથ મૂક, હું મુંબઈ જાઉ,'' મા કહે, ''બેટા! ટિકિટ ભાડાના પૈસા ક્યાંથી લાવવા? માની વાત સાંભળી દીકરોય ઢીલો પડી ગયો. પણ એણે પ્રભુને પ્રાર્થના કરી એ બજારમાં ગયો, ઉધાર લેવા માટે, ઘણી દુકાને ફર્યો.

છેલ્લે, એક વેપારીને દયા આવી, એણે ખૂબ સખતાઈ સાથે ને શરમ સાથે ૫૦/- રૂપિયા આપ્યા, ૫૦/- રૂપિયા લઈને એ સીધો મુંબઈ આવ્યો.

યાદ રહે,

ધરતી પણ કંઈક કરતી હોય છે.

૫૦/- રૂપિયા લઈ મુંબઈ આવેલા એ યુવાનને નસીબે યારી આપી. ધંધો ખુબ જામ્યો ને થોડાક જ સમયમાં એક બેગ લઈ એ પોતાને ગામ આવ્યો. મા તો દીકરાને જોઈ ગાંડી બની ખૂબ રડી દીકરો કહે, ''મા! પહેલા ચાલ, જેણે આપણને ગાડીભાડાના પૈસા આપ્યા તા, તે શેઠને પગે લાગી આવીએ.''

મા-દીકરા શેઠની દુકાને ગયા, શેઠે મા-દીકરાને જોતા જ કહ્યું, ''અરે! માણકો ક્યારે આવ્યો ?'' ને.. મા-દીકરો શેઠના પગમાં પડયાં ને માણકાએ કહ્યું, ''શેઠ! તમે તો મારા દેવતા! તમારી દયાથી થોડુંક કમાયો, એટલે તમે આપેલા એ ગાડીભાડાના પૈસા પાછા આપવા આવ્યો છું.''

આટલું કહી શેઠના પગ પાસે બેગ ખોલી એણે ધડ-ધડ સો-સોની નોટનો ઢગલો કરી દીધો. શેઠ કહે, ''માણકા! આ શું કરે છે ?''
''શેઠ! પૂરા ૫૦,૦૦૦/- છે, તમારું ઋણ તો ક્યારેય નહીં ચૂકવી શકું. પણ... એમાંથી થોડોક તો મુક્ત થાઉં.''

શેઠ કહે, ''મેં તો ૫૦/- રૂપિયા જ આપ્યા હતા, એના હું ૫૦,૦૦૦/- રૂપિયા ન લઉ.'' માણેક કહે, ''શેઠ! તમારા એ ૫૦/- રૂપિયાએ આજે લાખો રૂપિયા મને આપ્યા છે. માટે તમે ના ન પાડશો. મારા સોગંદ...'' ને મા-દીકરો દુકાનનું પગથીયું ઉતરી ગયા.

પછી તો નસીબે ઓર યારી આપી. એણે મુંબઈમાં મોટી જગ્યા લીધી. પ્રભુનું ઘર મંદિર બનાવ્યું. એમાં રત્નની પ્રતિમાં બિરાજમાન કરી. એક દિવસ એક યુવાને એના ઘરે પ્રતિમાં ચોરી, પણ એ પકડાઈ ગયો.

પકડાયેલા ચોરને પોલીસ ચોકીમાં આપવાના બદલે પોતાની પાસે બેસાડી એને પ્રેમથી પૂછયું, ''ભાઈ! તે પ્રભુને ચોરવાનું પાપ કેમ કર્યું ?'' પેલો યુવાન રડી પડયો. એણે કહ્યું, ''શેઠ! શેર બજારમાં ૮૦,૦૦૦/- રૂપિયા ચૂકવવાના છે, નહીં ચૂકવું તો આપઘાત કરવો જ પડશે, માટે મારે ચોરી કરવી પડી.''

આ યુવાને ચોરને પોતાના ઘરે લઈ જઈ જમાડયો, ગળે લગાડ્યો ને તિલક કરી એક લાખ રોકડા આપી વિદાય કર્યો. આ દીકરો એટલે બીજો કોઈ નહીં, પણ એક જમાનામાં જેના નામના ગીતો ગવાતા હતા તે દાનવીર.. ધર્મવીર.. કર્મવીર.. શાહ સોદાગર માણેકલાલ ચુનીલાલ શેઠ!....

કથા તો અહીં પૂર્ણ કરીએ પણ... જરાક વિચારીએ શેર બજારમાં ફસાયેલા ને ચોરી કરતા પકડાયેલા ચોરને જો લાખ રૂપિયાની મદદ આપી એને ઉગારી લેનાર આ દુનિયામાં છે, તો આપણે કમ સે કમ કોઈ મૂંઝાયેલા ભાઈ-ભાંડુનો મૂંઝારો વધારીએ નહીં, એટલો તો સંકલ્પ કરીએ.

સારું કરનારનું સારું કરનારા બનીએ કે ન બનીએ, પણ... ખરાબ કરનારનું ખરાબ કરનારા તો ન જ બનીએ. આટલું પણ જો થશે, તો જિંદગી સાર્થક થઈ જશે.



**જીવન પ્રત્યે માનવે દ્રષ્ટિ કેવી રાખવી ?**
**એ માણસ શ્રીમંત છે કે જે સોનામાં નહીં પણ મૈત્રીમાં શ્રીમંતાઈ જુએ છે.**
**પોતાના જીવનમાં ખરેખર વધુ મેળવવું હોય તો તેનો એક જ માર્ગ છે,**
**પોતાના હિસ્સામાંથી બીજાને આપવાની ભાવના કેળવો.**



# SHREE PATAN JAIN MANDAL

Shree Patan Jain Mandal

## Presents
## Patan Box Cricket Season 4

TITLE SPONSOR

SUCHIT JAYRAJBHAI SHAH



## PATAN BOX CRICKET

**SEASON 4 - SAVE THE DATE**
**16th NOVEMBER 2025**

Venue:
KES International School Turf, Kandivali (West)

Champions aren't born - they are made in the box.
join the league, build your legacy!

## SPONSORS

JERSEY SPONSOR
DANESHBHAI SHAH
MATLIWALA
(ZNL Bearings)

TROPHY SPONSOR
RAVIBHAI SEVANTILAL SHAH
( K. SEVANTILAL & COMPANY)

FOOD SPONSOR
MTM RIDERS

VENUE SPONSOR
Dr Bijal Viral Dalal
GENetiX.in - DMIT Test
Mentor-Trainer-Counsellor

BALL SPONSOR
Dr.KRUPALI RAHUL SHAH
(Anilaben Anilbhai shah family)

### Format & Team Details:

- Total 10 teams will compete
- Each team 12 - 13 players
- Team owners can bring 10 players of their choice
- Remaining 2-3 players will be allotted by the committee.
- All players must be from patan ( jamai & nephews are allowed )
- Players Registration fees : ₹ 500 per player

Owners Contribution : ₹ 20,000 Per Team

### More Details Please Contact :

Nilesh Shah: 9167521420 | Chirag Shah: 9819580084 | Jigar Shah: 9819619252
Yogeshbhai R. Shah (Secretary) | Miteshbhai S. Shah (Secretary) | Parag Shah (Jt. Secretary)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

### લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના મુખ્ય લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ

શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

### Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી મીનાબેન નિતીનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી) • શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ • શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc  સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ  હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલલ શાહ – હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ  (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા – શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી – શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી–મરીનડ્રાઈવ (મનમોહનજીની  શેરી)
- મહાલક્ષ્મી માતા – શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા – શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી  (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ–હ. શ્રીમતી નિકીતાબેન ધિરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

